## વડીલોને વંદન
## અભિનંદન



કલાબેન નટવરલાલ ત્રિવેદી (૧૯૪૫) ફોન : ૨૩૨૨૪૩૦૪

# જોધપુરથી ચોરીની જીપ વેચવા આવેલા ત્રણ ઈસમો અમીરગઢ ચેકપોસ્ટ પાસે ઝડપાયા

## પોલીસે તમામ સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી

પાલનપુર, તા. ૧૮

અમીરગઢ પોલીસે આજે વાહન ચેકીંગ કરતા રાજસ્થાનથી ચોરીની જીપ વેચવા આવેલા ૩ શખ્સોની અટકાયત કરી ચોરીની ગાડી કબજે કરી હતી.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

બનાસકાંઠા જિલ્લા પોલીસવડા ડી.બી.વાઘેલાની સૂચનાને પગલે અમીરગઢ પોલીસમથકના પી.એસ.આઈ. એમ.જે. ચૌધરી સ્ટાફના માણસો હસમુખભાઈ, વિનોદભાઈ, ગણપતલાલ, બળવંતસિંહ વગેરે અમીરગઢ ચેક પોસ્ટ ખાતે વાહન ચેકીંગમાં ઉભા હતા. દરમિયાન આબુ રોડ તરફથી એક બોલેરો જીપ નં. આર.જે. ૧૯-ટીએ.૩૩૪૩ ને આવતા તેને રોકી ચેક કરી હતી. તેમાં બેઠેલા ચાલક સાથેના ત્રણ ઈસમો પોલીસ ચેકિંગ જોઈ ગાડીમાંથી નાસવા જતા રોકી તેઓની પાસે ગાડીના કાગળો માંગ્યા હતા. પરંતુ પોલીસને આ ઈસમોએ સંતોષકારક જવાબ ન આપતા શંકાના આધારે વધુ પુછપરછ હાથ ધરી હતી. જેમાં આ ચારેય આરોપીઓ ઈન્સાફખાન સિન્ધી (મુસલમાન,જોધપુર), ગૌરવ મુરારીલાલ શિરોહી, હમીરખાન અબ્દુલ હકિમ પઠાણ (રહે. જોધપુર)એ જોધપુર ખાતેથી બોલેરો જીપ ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. આથી પોલીસે ત્રણેય ઈસમોની અટકાયત કરી જેલ હવાલે કર્યા હતા અને ચોરીની જીપને કબજે કરી હતી. આ સંદર્ભે અમીરગઢ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## રાષ્ટ્રીય સેવક સંઘની કાર્યકર્તા શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૧૮

રાષ્ટ્રીય સ્વયસેવક સંઘના ગુજરાત પ્રાંતના કાર્યકર્તાઓ માટે તા. ૨જીથી ૪થી જાન્યુઆરી દરમ્યાન ત્રિદિવસીય કાર્યકર્તા શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરનો સમાપન કાર્યક્રમ તા. ૪થી જાન્યુઆરીએ નરોડા-કઠવાડા માર્ગ પર આવેલ દાસ્તાન ફાર્મના લક્ષ્મણરાવ ઈનામદાર પરિસર ખાતે સાંજે ૪.૦૦ કલાકે યોજાશે.

આ સમાપન કાર્યક્રમમાં દ્વારકાની શારદાપીઠના સ્વામીસદાનંદ સરસ્વતી મહારાજ અને રાષ્ટ્રીય સ્વયંસેવકસંઘના સરસંઘચાલક ડૉ. મોહનજી ભાગવત ઉપસ્થિત રહેશે. આ શિબિર સંઘકર્તાના વિકાસ તથા વિસ્તાર માટે તત્પર કાર્યકર્તાઓના અનુશાસન, ઊર્જા અને ઉમંગનો અનોખો સંગમ સમાન બની રહેશે.



## સેક્ટર-૧૭ શોપીંગનું શૌચાલય વેપારીઓ માટે ત્રાસજનક

સેક્ટર-૧૭ શોપીંગ સેન્ટરમાં શૌચાલય ઘણુ જુનુ થઈ ગયેલ છે. પાણી પણ આવતુ નથી. ગટરલાઈનો ચોકઅપ થતાં બંધ થઈ ગઈ છે. પાણી ભરાઈ રહે છે. જેના કારણે ગંદકી રોગચાળો ફાટી નીકળવાનો ભય રહે છે. ગંધથી વેપારીઓ તથા વસાહતીઓ ત્રાસી ગયા છે. ૧૦ થી ૧૨ વખત અધિકારીઓ મુતરડીઓની તપાસ કરી ગયેલ છે. પરંતુ કોઈ કાર્યવાહી થયેલ નથી.વાઈબ્રન્ટના પ્રદર્શન હોલની નજીક જ આ મુતરડી છે. તો તાત્કાલિક રીપેર કરવાની જરૂર છે. તેમ સેક્ટર-૧૭ વેપારી મંડળના પ્રમુખશ્રી રજુજી ગોલે જણાવેલ છે.

## જુસિકાએ ચક્ષુદાન મેળવ્યુ

ગાંધીનગર, તા. ૧૮

શ્રી ગોવિંદભાઈ બી. પરમાર ઉ.વ. ૭૩ પ્લોટ નં. ૫૫૧/૧ સેક્ટર-૭-બી નું અવસાન થતાં તેમનું ચક્ષુદાન જુસિકાએ મેળવ્યુ છે. શ્રી ડી.એમ. પરમાર સહમંત્રી સહયોગ મંડળની પ્રેરણાથી તેમજ તેમના કુટુંબીજનોમાં શ્રીમતી જમનાબેન પરમારની સંમતિથી ચક્ષુદાન લેવામાં આવ્યું હતું. તબીબી સેવા ડો. શિલ્પાબેન ભટ્ટ તથા તેમની ટીમે સાથ આપ્યો હતો. જુનિયર સીટીઝન કાઉન્સીલના કાર્યકરોમાં શ્રી છત્રસિંહ મકવાણા દ્વારા સેવા પુરી પાડવામાં આવેલ ચક્ષુઓ ચક્ષુબેંક અમદાવાદ પહોંચાડવા શ્રી રાજુભાઈ વાઘેલાએ સેવા આપી હતી.



## બુટ્ટા-પાલડી ગામનું ગૌરવ

મહેસાણા, તા. ૧૮

મહેસાણા જિલ્લાના બુટ્ટા પાલડી ગામના વતની અને કલોલ તાલુકાના સોજા ગામની શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલમાં મદદનીશ શિક્ષક તરીકે સેવા આપતા પ્રહલાદભાઈ ઈશ્વરદાસ પટેલના સુપુત્ર ચિ. ઉત્સવ પટેલ તાજેતરમાં લેવાયેલ ધો. ૧૨ (વિજ્ઞાનપ્રવાહ)ની સેમેસ્ટર-૩ ની પરીક્ષામાં ૯૯.૯૭ પર્સન્ટાઈલ રેન્ક સાથે ગૌરવશાળી પ્રાપ્તાંક મેળવે છે. તેઓએ બુટ્ટા પાલડી ગામ અને સોજા સારસ્વત મિત્રોનું ગૌરવ વધારેલ છે. સમગ્ર શાળા પરિવાર વતી ઉત્સવને અભિનંદન અને ઉચ્ચ કારકિર્દીની શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.





## ગોચરના દબાણો હટાવવા તંત્રનો કાફલો ઉમટ્યો

ગાંધીનગર તાલુકાના વડોદરા ગામે તંત્રએ દબાણો હટાવવા સપાટો બોલાવ્યો હતો. આ કાર્યમાં મહેસુલ નાયબ મામલતદાર, પંચાયત વિસ્તરણ અધિકારી, સર્કલ પોલીસ ઈન્સ્પેક્ટર, ૩ પોલીસ સબ ઈન્સ્પેક્ટરો અને આઠ તલાટીઓ સહિત કાફલો ઉતરી આવ્યો હતો. દબાણો હટાવવા તંત્રએ એક જેસીબી મશીન અને ૨ ટ્રેક્ટર કામે લગાડ્યા હતા. અને ગામની ગોચર પર ગેરકાયદેસર કબજો જમાવેલા ૧૭ ઈસમોના દબાણો હટાવવા ટીડીઓને બે સપ્તાહની નોટીસ આપી હતી. આ કાર્યવાહી જોવા ગામના લોકો ટોળે વળ્યા હતા. (નટુભાઈ પટેલ, ચિલોડા)



## પેશાવરના ભૂલકાંઓને શ્રદ્ધાંજલિ

પાકિસ્તાનના પેશાવરમાં આર્મી સ્કૂલમાં ત્રાસવાદી હૂમલામાં નિર્દોષ ભુલકાઓની થયેલી જઘન્ય હત્યાએ વિશ્વભરમાં ઘેરા પ્રત્યાઘાતો ઉભા કર્યા છે. વિશ્વના તમામ ધર્મો નિર્દોષ બાળકોને પરમાત્માના પ્રતિક માનવામાં આવે છે. કાયર ત્રાસવાદીઓએ આ બાળકોને પોતાની બર્બરતાનું નિશાન બનાવી પોતાના જ પગ પર કુહાડો મારી રહ્યા છે. પાકિસ્તાનના આ બાળકોને ભારતભરમાંથી શ્રદ્ધાંજલિ આપવામાં આવી રહી છે. મણીનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્યા પુરુષોત્તમપ્રિયદાસજી મહારાજ હાલ કેન્યાના નાઈરોબી ખાતે હોઈ તેમણે એક પ્રાર્થના સભાનું આયોજન કરી મૃતક બાળકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# વકફ બોર્ડ દ્વારા તમામ દસ્તાવેજો લખાણો કોમ્પ્યુટરાઈઝ્ડ કરાશે

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત રાજ્ય વકફ બોર્ડ દ્વારા તા. ૧ નવેમ્બર-૨૦૧૩ થી વકફોના તમામ દસ્તાવેજો/લખાણોનું ઓનલાઈન કોમ્પ્યુટરાઈઝેશન શરૂ કરવામાં આવ્યું છે. પ્રથમ તબક્કામાં વકફનોના રજીસ્ટર (પી.ટી.આર.), મુતવલ્લીના નામો, મિલકતોના લેખો, નોંધણી સમયનાં દસ્તાવેજો,સ્થાવર/જંગમ મિલકતોના ઉતારા, મીનીટ્સ બુક, ઠરાવબુક, ઓડીટેડ હિસાબોની વિગતોની ડેટાએન્ટ્રી થઈ રહી છે. તે સંબંધે સર્વે વકફ સંસ્થાઓનાં મુતવલ્લીઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓને ક્રમશઃ કોમ્પ્યુટર સેલ તરફથી પત્રો રવાના થઈ રહેલ છે. જેમાં તેમણે જણાવ્યા મુજબ મિલકતોનાં દસ્તાવેજો, રેવન્યુ રેકર્ડ, મીનીટ્સ બુક/ઠરાવબુક, મિલકતોના લખાણો, સંસ્થાઓની મિલકતોનાં એ-૪ સાઈઝનાં ત્રણ-ત્રણ ફોટા તેમજ આધારકાર્ડની વિગતો ગુજરાત રાજ્ય વકફ બોર્ડની કચેરીમાં રજુ કરવાની રહેશે કે જેથી કરીને વકફ મિલકતોનું ચોક્કસાઈપૂર્વક કોમ્પ્યુટરાઈઝેશન થઈ શકે. આગામી એપ્રિલ ૧૫ થી તમામ વકફ મિલકતોની વીડીયોગ્રાફી તેમજ તેનું જી.પી.એસ. નકશા સાથે મેપીંગ કરવાનું પણ આયોજન છે.



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

દાંતીવાડાના અટાલ ગામમાં રાત્રીના એક વાગ્યાના સમયે ચાર-પાંચ સખ્સો ચાર બકરા ચોરીને છોટાહાથી રીક્ષા લઈને ભાગી રહ્યા હતા અને સદનસીબે રીક્ષા રેતીમાં ફસાઈ જતા ગામલોકો આવી જતા બે શખ્સ રાજુભા બબાજી વાઘેલા અને બાબરસિંહ હેમસિંહ વાઘેલા રહે. ભડથ તાલુકો, ડીસા જેઓને પકડી પાડી પોલીસને જાણ કરતા તાબડતોબ દાંતીવાડા પીએસાઈ કે.પી. ગઢવી સ્ટાફ સાથે ઘટનાસ્થળે પહોંચી બંને શખ્સોની અટકાયત કરી અને ભાગી ચુકેલા શખ્સોની શોધખોળ હાથ ધરી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

## શબ્દાવલી - ૫૫૯૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | ■ | ૫ |
| | ■ | ૬ | ૭ | | | ■ | |
| ૮ | ૯ | | | ■ | ૧૦ | | |
| ■ | | ■ | ૧૧ | | | ■ | ■ |
| ૧૨ | | ■ | ■ | ■ | ■ | ૧૩ | ૧૪ |
| | ■ | ૧૫ | | ૧૬ | ૧૭ | ■ | |
| ૧૮ | ૧૯ | | ■ | ૨૦ | | | |
| ૨૧ | | | | ■ | | ■ | |

### આડી ચાવી

૧. વળાવવું, ... આપવી (૩)
૩. ડર, બીક, ભય (૨)
૬. બડાઇખોર જેવો એક શબ્દ (૪)
૮. દાડમનું ઝાડ (૪)
૧૦. શિયાળુ પાક, પાક (૩)
૧૧. મહોર, છાપ (૩)
૧૨. સવાર, પરોઢ (૨)
૧૩. ક્ષાર, વેર (૨)
૧૫. ગુંડાગીરી (૪)
૧૮. દબાવવું, ... કરવું (૩)
૨૦. ચારેબાજુ ચર્ચા, પડપુછ(૪)
૨૧. જુદુ, તારવવું તે (૪)

### ઊભી ચાવી

૧. દુઃખ (૩)
૨. અનાથ બાળ (૩)
૩. લાંબુ રોકાણ કરે તને તે સ્થળે... નાખ્યા કહેવાય (૨)
૪. પડખું, પાસું (૪)
૫. ભુસુ, ચેવડો (૩)
૭. જીવ-જંતુનો ઉપદ્રવ થાય ત્યારે છંટાતી એક દવા (૩)
૯. ગધેડાને... મારે તો જ સીધું ચાલે (૩)
૧૨. સગાઇ જેની સાથે થઇ હોય તે કન્યા (૪)
૧૪. રબારી કોમની સ્ત્રી (૪)
૧૫. રાક્ષસ (૩)
૧૬. ભરચક (૨)
૧૭. બેકરી શબ્દ આઘોપાછો(૩)
૧૯. જા 'ટળ' જેવો શબ્દ (૨)

### શબ્દાવલી ૫૫૯૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) અરેરાટી (૪) કલહ (૬) વલુર (૮) શાકણ (૯) તાલમેલ (૧૧) હતાશ (૧૨) અવળુ (૧૪) મરઘડો (૧૬) તસ્કર (૧૮) કરમ (૨૧) વાણી

**ઊભી ચાવી :-** (૨) અગ્નિશામક (૨) રાવણહથ્થો (૩) ટીલુ (૫) હમાલ (૭) રતાશ (૧૦) મેળાવડો (૧૨) અધરણી (૧૩) ભાસ્કર (૧૫) રઘવા (૧૬) તક (૧૭) રમ (૧૯) હક્ક



કાંકરેજ તાલુકામાં છેલ્લા ત્રણ દિવસથી પડી રહેલ ઠંડીની સાથે આજે બદલાયેલા વાદળછાયા વાતાવરણથી એક તરફ ઠંડી અને બીજી તરફ ખેતી પાકને લઈ ચિંતાતુર દેખાઈ રહ્યા છે. એરંડા,રજકો, ઘઉં, જીરૂ, રાયડો જેવા શિયાળુ પાકને નુકશાન થવાની ભીતી સેવાઈ રહી છે. (તસવીર : આશારામ રાવલ, શિહોરી)

# ખેડૂતો પાસેથી રૂ. ૧૧૦૦ ના ભાવેથી કપાસની સરકાર ખરીદી કરે તેવી માંગણી કરતું કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યમાં કપાસ પકવતા ખેડૂતો પાસેથી ૧૧૦૦ રૂપિયાના ટેકાના ભાવે રાજ્ય સરકારે સી.સી.આઈ. મારફત ખરીદી શરૂ કરવી જોઈએ તેવી માંગણી આજે વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ કરી હતી.

રાજ્યમાં કપાસના પોષણક્ષમ ભાવો ન મળતા વિંછીયામાં ખેડૂતે કરેલા આત્મ વિલોપનની ઘટના અંગે દુઃખ વ્યક્ત કરીનેવિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ ગુજરાતની ભાજપ સરકાર ઉપર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે રાજકોટ અને અમદાવાદ ખાતે સી.સી.આઈ. દ્વારા શરૂ કરાયેલ ખરીદ કેન્દ્રો ખાતે માત્ર ૬.૩૦ લાખ ક્વીન્ટલ એટલેકે માત્ર ૨ થી ૨.૫ ટન ટકા જ કપાસની ખરીદી કરવામાં આવી છે. બાકીના ૯૭ ટકા ઉત્પાદિત કપાસનું શું ?

રાજ્ય સરકારે ગુજરાતમાં કૃષિ વિકાસ વર્ષ જાહેર કર્યું છે પરંતુ ખરેખર ગુજરાતમાં ખેડૂત અને કૃષિ બન્ને બરબાદ થઈ ગયા છે તેવો આક્ષેપ વિપક્ષી નેતા શંકરસિંહે કર્યો છે.

તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં કપાસ પકવતા ખેડૂતોના પ્રશ્ને કોંગ્રેસ તેમની સાથે છે અને કપાસના પોષણક્ષમ ભાવ અંગે કોંગ્રેસ દ્વારા આંદોલાત્મક કાર્યક્રમો આપવામાં આવશે.

ભાજપ સરકારના રાજ્યમાં ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે પરંતુ સરકારના પેટનું પાણી પણ હલતુ નથી તેવો આક્ષેપ કરતાં પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું.

### કાઉન્ટ ડાઉન
● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાઈટ્સના વડાઓ ઉપરાંત ઉચ્ચકોટીના ગાયકો જેવાં કે લત્તા મંગેશકર, આશા ભોસલે, સંગીતકાર એ. આર. રહેમાન, અનુરાધા પૌંડવાલ, શાસ્ત્રીય સંગીતના પંડિત જસરાજ સહિતના મહારથીઓને આમંત્રણ આપવામાં આવેલા છે.

સેલેબ્રિટીની યાદીમાં ટોચ ઉપર ફિલ્મસ્ટાર અમિતાભ બચ્ચન, શાહરૂખ ખાન, આમિર ખાન અને સલમાન ખાનના નામ પણ છે. છેલ્લા વર્ષોમાં નરેન્દ્ર મોદીને મળી ચૂકેલા ફિલ્મસ્ટારો પૈકી અનુપમ ખેર, જુહી ચાવલા, અક્ષયકુમાર, અજય દેવગણ, વિવેક ઓબેરોય સહિતના કલાકારો ઉપસ્થિત રહેશે. ફિલ્મ કલાકારો માટે રાજય સરકારે મુંબઈની ટોચની પીઆર કંપનીઓને કામ સોંપેલું છે.

### ગુડા દ્વારા
● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. આ માર્ગ પણ ચકાચક બનાવવાનું કામ શરુ કરી દેવાયું છે. કોબા-ગાંધીનગર તેમજ પીડીપીયુ તરફ જવાના માર્ગ પર રીસરફેસીંગ, સફાઈ તેમજ સ્ટ્રીટલાઈટ સંબંધિત કામો ગુડા દ્વારા હાથ ધરવામાં આવ્યા છે.

### દર્દીઓની સંખ્યામાં
● અનુસંધાન પહેલાનું ચાલુ

જો કે ઉચ્ચ સત્તાવાળાઓ મોડેથી બાજી સંભાળી લીધી હતી અને દર્દીઓને રાહત થાય તેવા પગલાં લીધા હતા. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા રોજબરોજ આ વર્ષે સતત વધતી રહી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તાજેતરમાં ૪૫૦ પથારીની સુવિધા ઉભી કરવામાં આવી છે. આ સંખ્યા વધારીને ૬૦૦ આગામી બે વર્ષમાં કરવાનું આયોજન છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલનું સત્તાવાર રીતે સંચાલન મેડીકલ કોલેજે સંભાળી લીધુ છે. જો કે નવા સંકુલમાં હજુ પણ સુવિધાઓને લઈ રોજેરોજ નવા વિવાદ ઉભા થઈ રહ્યા છે જેથી કોલેજ સંચાલકો પણ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

# સચિવાલય ખાતે સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવી દેવામાં આવી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરમાં સચિવાલય અને મંત્રી વિસ્તારમાં આજે સઘન સુરક્ષા બંદોબસ્ત ગોઠવીને સઘન ચેકીંગ બાદ સચિવાલયમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો હતો.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કપાસના પૂરતા ભાવ ન મળતાં ટેકાના ભાવે કપાસની ખરીદી કરવાના મુદ્દે ખેડૂતો દ્વારા રાજ્યભરમાં આંદોલન છેડવામાં આવ્યું છે. આ આંદોલન ધીરે ધીરે વેગ પકડી રહ્યું છે.

ખેડૂતો દ્વારા રાજ્યમાં થઈ રહેલા વિરોધને લઈને સચિવાલયમાં ખેડૂતો દ્વારા આશ્ચર્યજનક કાર્યક્રમ આપવામાં આવનાર હોવાની મળેલી માહિતીને પગલે જિલ્લા પોલીસ દ્વારા સાવચેતીના ભાગરૂપે સચિવાલય ખાતે અને મંત્રી વિસ્તારમાં સઘન સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે સચિવાલયના તમામ પ્રવેશ દ્વારો પર વાહનોનું સઘન ચેકીંગ કરીને તેમજ ઓળખકાર્ડ અથવા પ્રવેશ પાસની ચકાસણી કર્યા બાદ જ પ્રવેશ આપવામાં આવી રહ્યો હતો.

સચિવાલય પ્રવેશ દ્વાર ખાતે તેમજ મંત્રી વિસ્તાર પાસે વધારાના પોલીસ ફોર્સને ફરજ ઉપર તૈનાત કરી દેવામાં આવી હતી. જો કે આજે કોઈ ખેડૂતો કાર્યક્રમ આપવા દેખાયા ન હતા.

### શુભ-લાભ આવાસ
● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેન્ટરો પણ બાંધવામાં આવી રહ્યા છે. જેમાં ૧૦ જેટલી દુકાનો બાંધવામાં આવી રહી છે. અન્ય સ્થળે આવાસ યોજનાને અનુલક્ષીને પણ દુકાનોનું કામ હાથ ધરવામાં આવ્યું છે. દુકાનો તૈયાર થઈ ગયા બાદ આવાસોની સાથે તેની પણ ફાળવણી કરી દેવામાં આવશે. ગીફ્ટ સીટીથી નજીકના વિસ્તારમાં તૈયાર થતી આ આવાસ યોજનાની સાઈટ પાછળના વિસ્તારમાં સિગ્નેચરસિટીનું કામ પણ હાલ ચાલી રહ્યું છે.


## ગુજરાત મેરીટાઈમ બોર્ડ
### જાહેર નિવિદા વર્ષ : ૨૦૧૪-૧૫

ચેરમેનશ્રી ગુજરાત મેરીટાઈમ બોર્ડ વતી ચીફ જનરલ મેનેજર, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, સેક્ટર-૧૦એ, છ-રોડ, એરફોર્સ સ્ટેશન સામે, ગાંધીનગર - ૩૮૨૦૧૦ "Desktop Virtulization Solution in GMB (DVSG)"ના પાંચ વર્ષના મરામત / વોરંટી સહિતના સંગઠિત કામના સંદર્ભમાં સંબંધિત અગ્રણી, નામાંકિત, વ્યવસાયિક અને અનુભવી કંપનીઓ પાસેથી 'ઓનલાઈન ટેન્ડર' માટે આમંત્રણ પાઠવે છે.

| | |
|---|---|
| ટેન્ડર ડોક્યુમેન્ટ નીચે જણાવેલ વેબસાઈટ પરથી ડાઉનલોડ કરવાના રહેશે. http://gmb.nprocure.com, www.gmbports.org | તારીખ : ૧૮/૧૨/૨૦૧૪થી તારીખ : ૧૨/૧/૨૦૧૫ના રોજ ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર ફી (રીફંડપાત્ર નથી)ની રકમ રાષ્ટ્રીયકૃત/શિડ્યુલ બેન્ક મારફત ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા બેન્કર્સ ચેકના સ્વરૂપમાં 'ગુજરાત મેરીટાઈમ બોર્ડ'ની (ગાંધીનગર મુકામે ચુકવવા પાત્ર) તરફેણમાં સીલબંધ કવરમાં રજીસ્ટર્ડ એ.ડી./સ્પીડ પોસ્ટથી ગુજરાત મેરીટાઈમ બોર્ડને રજૂ કરવાની રહેશે. | રૂ. ૫,૦૦૦/- તારીખ : ૧૫/૧/૨૦૧૫ના રોજ ૧૮.૦૦ કલાક સુધી |
| ઈ.એમ.ડી.ની રકમ રાષ્ટ્રીયકૃત /શિડ્યુલ બેંક મારફત ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા બેન્કર્સ ચેકના સ્વરૂપમાં 'ગુજરાત મેરીટાઈમ બોર્ડ'ની (ગાંધીનગર ખાતે ચૂકવવા પાત્ર) તરફેણમાં સીલબંધ કવરમાં રજીસ્ટર્ડ એ.ડી./સ્પીડ પોસ્ટથી ગુજરાત મેરીટાઈમ બોર્ડને રજૂ કરવાની રહેશે. | રૂ. ૨,૦૦,૦૦૦/- તારીખ : ૧૫/૧/૨૦૧૫ના રોજ ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર સંબંધિત કોઈપણ પૂછપરછ નીચે દર્શાવેલ ઈમેલ એડ્રેસ પર કરવી • cgm-gmb@gujarat.gov.in • k.vithlani@gmbports.in • smgnr-gmb@gujarat.gov.in • nirav.doshi@gmbports.in | તારીખ : ૨૪/૧૨/૨૦૧૪ના રોજ ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર રજૂ કરવાની છેલ્લી તારીખ | તારીખ : ૧૨/૧/૨૦૧૫ના રોજ ૧૮.૦૦ કલાક સુધી |
| ઓનલાઈન તાંત્રિક બીડ ખોલવાનો સમય અને તારીખ | તારીખ : ૧૬/૧/૨૦૧૫ના રોજ ૧૪.૩૦ કલાકે. |

વધુ વિગતો માટે આઈ.ટી. સેલ, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, એરફોર્સ સ્ટેશન સામે, સેક્ટર-૧૦એ, ગાંધીનગર - ૩૮૨૦૧૦, ફોન નંબર : ૨૩૨૩૮૩૪૬/૪૭/૪૮નો સંપર્ક કરવા વિનંતી છે. અથવા જુઓ http://www.gmbports.org માહિતી/૧૯૭૧/૨૦૧૪-૧૫